**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૮ ટકા





જામી રહેલી ઠંડીની સાથે જ તહેવારોની મોસમ ખીલી રહી છે. નાતાલ નજીક આવતા જ તેની ઉજવણી માટે ઠેર ઠેર તૈયારીઓ શરૂ થઈ છે. રંગબેરંગી રોશનીથી દુકાનો અને શોપીંગ કોમ્પ્લેક્ષ શોભી રહ્યા છે. સૌની ઈચ્છા પૂર્ણ કરતાં સંત સાન્તાકલોઝની ટોપી અને તેના મહોરા બજારોમાં વેચાઈ રહ્યા છે. બાળકોને ખૂબ જ ગમતા આ તહેવારની ઉજવણીના ભાગરૂપે સેકટર-૮, સેકટર-૨૦ અને સેકટર-૨ ઉના ચર્ચમાં રંગબેરંગી રોશની સાથે તૈયારીઓ શરુ કરવામાં આવી છે.

# નર્સિંગ યુનિયન દ્વારા ૨૦ હજારના પગારની માંગ સાથે આરોગ્ય કમિશનરને આવેદન પત્ર

## શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે નર્સિંગ યુનિયનના હોદેદારો એકઠા થયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે સવારે ઓલ ગુજરાત નર્સિંગ યુનિયનના નેજા હેઠળ નર્સિંગ કર્મચારીઓ મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. પ્રાઈવેટ હોસ્પિટલ અને કોન્ટ્રાકટમાં સુપ્રિમકોર્ટના આદેશ મુજબ મીનીમમ ૨૦ હજાર પગાર આપવામાં આવે, અન ટ્રેઈન સ્ટાફ રાખનાર હોસ્પિટલ સામે કડક કાર્યવાહી કરવામાં આવે, એનપીએમ સ્ટાફની કાયમી ભરતી કરવામાં આવે તે સહિતના મુદ્દાઓને લઈ નર્સિંગ યુનિયનના હોદેદારોએ આરોગ્ય કમિશનરને આવેદન પત્ર પાઠવી સત્વરે યોગ્ય પગલા ભરવા લેખિત રજુઆત કરી છે.

પ્રાઈવેટ અને સરકારી હોસ્પિટલમાં કોન્ટ્રાકટ પધ્ધતિથી નર્સિંગ કર્મચારી તરીકે ફરજ બજાવી રહ્યા છીએ. છેલ્લા કેટલાક સમયથી અમારી ૬ જેટલી મુખ્ય માંગણીઓ પડતર છે. જેનો આજદિન સુધી સરકારી તંત્ર દ્વારા ઉકેલ લાવવામાં આવ્યો નથી. સ્ટાફ નર્સ માર્ચ-૨૦૧૯ માં થયેલ જાહેરાત (૧૦૪૫)ની ભરતીમાં વધારો કરીને તાત્કાલીક અસરથી ભરતી કરવામાં આવે, ૧૪૬૬ સ્ટાફ નર્સ ભરતી વેઈટીંગમાં રહેલા ઉમેદવારોની ખાલી રહેતી જગ્યા પર લેવામાં આવે, પ્રાઈવેટ હોસ્પિટલમાં અને કોન્ટ્રાકટમાં સુપ્રિમકોર્ટના આદેશ મુજબ મીનીમમ રૂ.૨૦ હજાર પગાર આપવામાં આવે, રાજયમાં મોટાભાગની હોસ્પિટલમાં અન ટ્રેઈન સ્ટાફ ફરજ બજાવે છે. ત્યારે આવી હોસ્પિટલ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ યુનિયન દ્વારા કરવામાં આવી છે. એનપીએમ સ્ટાફની કાયમી ભરતી કરવામાં આવે તેમજ ગુજરાત રાજયમાં આશરે ૪૯૫ જનરલ હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી પડેલી નર્સિંગ સ્ટાફની જગ્યાઓ તાત્કાલીક અસરથી ભરતી કરવામાં આવે તેવી માંગણી સાથે ઓલ ગુજરાત નર્સિંગ યુનિયન દ્વારા આરોગ્ય કમિશનરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરાઈ હતી.




# સે-૩ ન્યુમાં નિઃશુલ્ક દાંતની તપાસનો કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર-૩ ન્યુ ખાતે રવિવારે સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત અને ડૉ. પાટડીયા કિલનિકના સંયુકત ઉપક્રમે નિઃશુલ્ક દાંતની તપાસનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ ડેન્ટલ ચેકઅપ કેમ્પમાં સેકટરના વસાહતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ૭૪ જેટલા દર્દીઓએ તેમની દાંતની વિવિધ તકલીફો અંગે નિદાનનો લાભ લીધો હતો. કેમ્પમાં દાંતના તબીબો ડૉ. એમ.એમ. પાટડીયા અને ડૉ. અંકિત જૈન દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. નગરસેવક દ્વારા કેમ્પમાં લાઈવ ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. વસાહતીઓએ આયોજનને બિરદાવ્યું હતું.

# જયોતિ મહિલા મંડળ તથા રાધાકૃષ્ણ મંડળના સંયુકત ઉપક્રમે શાકોત્સવ તથા રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

નગરમાં શિયાળાની ઋતુની જમાવટ થઈ રહી છે ત્યારે જયોતિ મહિલા મંડળ અને રાધાકૃષ્ણ મંડળ સે-૨૫ દ્વારા નગરની મહિલાઓ માટે શાકોત્સવ તથા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાકોત્સવ પ્રસંગે શિયાળાના વિવિધ અથાણા, શાકભાજીની વાનગીઓ અને કાઠીયાવાડી ભોજનની લિજ્જત ૨૫૦થી વધુ બહેનોએ માણી હતી. આ ઉપરાંત બહેનોને વિવિધ રમતો પણ રમાડવામાં આવી હતી તેમજ ભુલાતી જતી



કહેવતો, ગીતોના માહોલ વચ્ચે આનંદ, હસી-મજાક સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો. રમતોત્સવમાં વિજેતા બનેલ બહેનોને ઈનામ આપવામાં આવ્યા હતા. શાકોત્સવ તેમજ રમતોત્સવ પ્રસંગે જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચે બહેનોને આવકારી સમુહભોજન અને વિવિધ વાનગીઓનો રસસ્વાદ માણી મોજમાં રહેવાની પ્રાસંગિક વાત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં નીરૂબેન નાયક અને તેમની ટીમ મીનાબેન શાહ, તારાબેન પટેલ તથા જયોતિબેન ઠક્કરનો વિશિષ્ટ ફાળો રહ્યો હતો.

# માનવ સેવા મંડળ દ્વારા ધાબળા, માલ્ટા અને બિસ્કિટનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૨૩

માનવ સેવા મંડળ દ્વારા કનુભાઈ દવેના પ્રમુખ પદ હેઠળ કેટલાય વર્ષોથી દર માસના બીજા અને ચોથા રવિવારે ફળ, બિસ્કીટ જેવી વસ્તુઓનું વિતરણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સાથે આસપાસના અન્ય સ્થળોએ કરવામાં આવે છે. આ ઉપરાંત દર વર્ષે શિયાળાની ઋતુમાં આ સ્થળોએ ધાબળા વિતરણ પણ કરવામાં આવે છે. જેના ભાગરૂપે આ વર્ષે તા. ૨૨ ડિસેમ્બરના રોજ મહિલા ગૃહ, રિમાન્ડ હોમ, ક્રિષ્ના વૃધ્ધાશ્રમ, અંધશાળા, આયુર્વેદ હોસ્પિટલ, સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ, સમર્પણ મૂક બધિર શાળા, કૈલાશધામ વૃધ્ધાશ્રમ, ડભોડા ભિક્ષુક ગૃહ તથા મગોડી વૃધ્ધાશ્રમ ખાતે ૧૩૦૦ નંગ ધાબળા, ૫૮૦ કિલો માલ્ટા અને ૧૦૦૮ પેકેટ બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકાર્યમાં સેવાનુરાગી પ્રફુલભાઈ રાવલ, પ્રવિણભાઈ દરજી, બી.કે. ભટ્ટ, પ્રવિણસિંહ, અશ્વિનભાઈ ત્રિવેદી, બી.એચ. ગોસ્વામી, મહેશભાઈ ઠાકોર, કૌશિકભાઈ સપોવાડિયા અને પુત્ર ચૈતન્ય, સાથીદારો, અમીતાબેન, વિશ્વાબેન, વિસાત તપોધન તથા રાજુભાઈ દવે સાથે મોટી સંખ્યામાં સેવાભાવીઓ જોડાયા હતાં.

આ ઉમદા માનવ સેવા માટે તદ્દન સ્વૈચ્છિક ધોરણે પ્રતિમાસ અથવા સ્વગૃહે લગ્ન, સગાઈ, જન્મદિવસ જેવા શુભ પ્રસંગે પોતાનું યોગદાન આપવા ઈચ્છતા હોય તેવા શહેરના નાગરિકોને સંસ્થા દ્વારા પ્રફુલભાઈ રાવલ ૯૪૦૮૨૮૮૭૭૦, પ્રવિણભાઈ દરજી ૯૪૨૮૯૧૦૫૫૫નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ‘વેસ્ટમાંથી બેસ્ટ-કચરામાંથી ખાતર’ બનાવવા અંગે સે-૩ ન્યુમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

રવિવારે સાંજે શહેરના સે-૩-ન્યુ ખાતે વસાહત મંડળ દ્વારા મહાનગરપાલિકાના સહયોગથી ‘વેસ્ટમાંથી બેસ્ટ-કચરામાંથી ખાતર’ જાગૃતિ કાર્યક્રમનું સેકટરના જાહેર બગીચામાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોર્પોરેશનના સેનેટરી ઈન્સ્પેકટર્સ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સે-૩-ન્યુના બગીચામાં યોજાયેલા જાગૃતિ કાર્યક્રમમાં ડૉ.



અનિલ પટેલે ઘરમાં એકત્ર થતા કચરાનો કેવી રીતે ખાતર બનાવવા ઉપયોગ કરવો, કેટલીક બિનજરૂરી લગતી વસ્તુઓને રિસાયકલ કરીને ફર્નિચર તથા અન્ય પ્રકારના ઉપયોગમાં લેવી તેમજ પ્લાસ્ટિક તથા ડીટરજન્ટનો કચરો ભયજનક હોવા સાથે અપરોક્ષ રીતે ભોજન દ્વારા શરીરમાં જઈને કેન્સર જેવી મહાબિમારીઓને નોંતરે છે તે અંગે સમજણ પુરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સેકટરના અગ્રણીઓ સહિત સે-૩ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા, રશ્મીકાન્ત પંડયા, ડૉ. એચ.ટી. પરમાર, રાકેશભાઈ શાહ, વિરચંદભાઈ પરમાર, શાંતિલાલ પરમાર, મીશ્રાભાઈ, લખતરીયાભાઈ, પુરૂષોત્તમ બેન્કર, સી.એમ. પરમાર સહિત સેકટરના વસાહતીઓ-જાગૃત મહિલાઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સમાપને રશ્મીકાન્ત પરમારે આભારદર્શન વ્યકત કર્યું હતું.

# વાવોલમાં વડીલો માટે અનોખી દ્વિતીય આનંદ શિબિર યોજાઈ

## વાવોલ વિકાસ વિસ્તાર સમિતિ દ્વારા આયોજિત અને હેપ્પી યુથ ક્લબ દ્વારા સંચાલિત આનંદ શિબિરમાં ૩૦૦ થી વધુ વડીલોએ દિવસભર આનંદ કર્યો : વિવિધ વકતાઓ, નાટક અને મનોરંજક કાર્યક્રમો સાથે વડીલોનું સન્માન પણ કરાયું







ગાંધીનગર, તા.૨૩

વાવોલથી પુંદ્રાસણ રોડ પર શ્રી ખોડિયાર ધામ મંદિરે તા. ૨૨મી ડિસેમ્બર રવિવારના રોજ સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા આયોજીત અને હેપ્પી યુથ કલબ સંચાલિત વાવોલમાં વસતા વડીલો માટેની દ્વિતીય આનંદ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આનંદ શિબિરમાં ૩૦૦ જેટલા વડીલોએ ઉપસ્થિત રહી દિવસભર વૈવિધ્યસભર કાર્યક્રમોનો આનંદ માણ્યો હતો.

આનંદ શિબિરમાં ૭૫ વર્ષથી વધુ વયના વડીલોને સ્મૃતિચિહ્ન, પુસ્તક અને ફૂલછડી અર્પણ કરી સન્માનવામાં આવ્યા હતા. આનંદ શિબિરમાં શહેરના વિવિધ ક્ષેત્રના વકતાઓ જેવા કે જાણીતા ટ્રેનર ડો.દિપક તેરૈયા, યોગગુરુ અને મોટીવેટર જે.સી.પટેલ, વૈધ પંચકર્મ ડો. રાકેશ ભટ્ટ વગેરેના વકતવ્યો ઉપરાંત શહેરના જાણીતા નાટયકાર કુંતલ નિમાવતની ટીમ દ્વારા પારિવારિક કોમેડી નાટક “જીવન સંધ્યાનો આનંદ”, નેચર ફોટોગ્રાફર ગૌરાંગ પટેલ દ્વારા પ્રકૃતિ-પક્ષીઓની સુંદર ફોટોગ્રાફીનું ઓડિયો-વિઝ્યુલ પ્રેઝન્ટેશન સાથે દરેક સોસાયટી માટે પક્ષી-પરબ યોજના, હેપ્પી યુથ કલબ સંચાલિત હેપ્પી મ્યુઝિકલ કલબ દ્વારા કરાઓકે સંગીત શો વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આનંદ શિબિરમાં ખોડિયાર મંદિરના પીઠાધિશ્વર સોમભાઈ પ્રજાપતિ, વાવોલના પૂર્વ સરપંચ વિક્રમસિંહ ગોલ, કમલાપૂંજ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અંબુસિંહ ગોલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આનંદ શિબિરમાં વડીલો માટે વાંચન યોગ્ય પુસ્તકો પ્રસ્તુત કરી “તરતુ પુસ્તક યોજના” પણ આયોજિત કરવામાં આવી હતી જેનો મોટી સંખ્યામાં વડીલોએ લાભ લીધો હતો. આનંદ શિબિરમાં વડીલો માટે સવાર-સાંજ ચા-નાસ્તાની અને બપોરે ભોજનની નિઃશુલ્ક વ્યવસ્થા તથા આનંદ શિબિરની અન્ય તમામ વ્યવસ્થા માટે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિના સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**દબંગ-૩**
૯.૦૦, ૯.૫૫, ૧૧.૫૦, ૧૨.૨૫, ૧.૨૦, ૩.૦૫, ૩.૫૦, ૪.૪૫, ૬.૩૦, ૭.૧૫, ૮.૧૦, ૯.૫૫, ૧૦.૪૦
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૨.૪૦, ૮.૦૫, ૯.૦૫
**મર્દાની-૨**
૯.૨૫, ૫,૨૦, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૨.૪૦, ૭.૩૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**દબંગ-૩**
૯.૦૦, ૧૦.૨૫, ૧૧.૨૫, ૧૨.૨૫, ૧.૫૦, ૨.૫૦, ૩.૫૦, ૫.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૮.૪૦, ૯.૪૦, ૧૦.૪૦
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૧.૪૦, ૭.૧૫, ૯.૫૦
**પતિ પત્નિ ઔર વો**
૧૨.૨૫, ૧૦.૩૦
**મર્દાની - ૨**
૯.૨૦, ૩.૦૫, ૮.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**

**દબંગ-૩**
૧૨.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૪.૧૫, ૬.૪૫, ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૩૦, ૯.૪૫
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(હિન્દી) ૧.૦૦, ૪.૧૫, ૯.૪૫, ૭.૩૦
**મર્દાની**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫
**પતિ, પત્નિ ઔર વો**
૨.૪૫, ૭.૩૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**દબંગ-૩**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી)
૨.૦૦, ૭.૧૫
**મર્દાની-૨ - ૪.૪૫**
**પતિ પત્નિ ઔર વો**
૫.૩૦

## આજે પંચદેવ મંદિર ખાતે રૂદ્રપાઠ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

રૂદ્રાભિષેક મંડળ દ્વારા વિક્રમ સંવત ૨૦૭૬ માગશર માસ કૃષ્ણ પક્ષ તેરસ શિવરાત્રીના રોજ તા. ૨૪ ડિસેમ્બરના રોજ સાંજે ૫ કલાકે સે-૨૨ પંચેદવ મંદિર ખાતે રૂદ્રપાઠ યોજાશે.

## સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલયમાં ઊર્જા બચત સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય જીઈબી કોલોની ખાતે ઊર્જા બચત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓએ થર્મલ પાવર સ્ટેશનની મુલાકાત લીધી હતી તથા શાળામાં જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ચિત્ર સ્પર્ધામાં ધો-૬ થી ૮ના પચાસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે કમલેશ ઠાકોર, દ્વિતીય ક્રમે નેહા પરમાર, તૃતિય ક્રમે હિરલ ડાભી રહ્યા હતા. થર્મલ પાવર સ્ટેશનના નાયબ ઈજનેર એચ.બી. દવે અને જુનિયર ઈજનેર એચ.એમ. પટેલ દ્વારા બાળકોને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા. શાળાના ચિત્ર શિક્ષક હર્ષદભાઈ પંચાલ દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા આચાર્ય જયંતિભાઈ વી. પટેલ દ્વારા ઊર્જા બચતનું મહત્વ સમજાવી વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. જયંતિલાલ મગનલાલ સરીયા, ઉ.વ. ૬૪
- સ્વ. વઢવાણા ધનગૌરી જીતુદાસ, ઉ.વ. ૮૧
- સ્વ. માણેકબેન ગલાજી ઠાકોર, ઉ.વ. ૭૫